મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણીઃ દેવેન્દ્ર ફડણવીસ-ઉદ્ધવ ઠાકરે... વિશેષ મુલાકાત

www.chitralekha.com

# ચિત્રલેખા

૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૭ | ₹ ૨૫

૧૯૫૦થી
સદા અગ્રેસર




## અમદાવાદનાં સાદ્વીની સંપત્તિથી લઈને
## નલિયાના સંસારીઓના સેક્સકાંડ!

# દરદીને સથવારો આપી સંજીવની સુધી લઈ જતી સેવા

**આ**જે અનેક સેવાભાવી-સંસ્થાકીય પ્રવૃત્તિ ધમધમે છે એમ છતાં છેવાડાના ઘણા આદમીની જરૂરતો પણ પૂરી નથી થતી. એવામાં જો આવો કોઈ આદમી બીમારીએ પટકાય તો તો પછી એ હરિભરોસે ગણાય. જો કે આવા જરૂરતમંદોને રાહત અપાવવાનું કાર્ય એક ટ્રસ્ટ છેલ્લા પાંચ દાયકાથી બહુ ઉમદા રીતે અદા કરી રહ્યું છે.

■ **સુનીલ** મેવાડા (અમદાવાદ)

**અ**મદાવાદમાં એક રાહતફંડ એવું ચાલે છે કે જેમાં જરૂરતમંદ દરદીઓને આર્થિક જ નહીં, સાથે એમની માનસિક સહાય પણ કરવામાં આવે છે.

*આ માનસિક સહાય એટલે શું?*

માનસિક સહાય એટલે સથવારો-હાશકારો. આફતના સમયે કંઈ પણ થયું તો *હું છું તારી સાથે, તું ચિંતા ન કર* એવો વિશ્વાસ-આશ્વાસન અપાવનારા સ્વજનની હાજરી એટલે માનસિક સહાય.

એવા એક સ્વજનનું નામ છેઃ *દરદીઓનું રાહતફંડ.*

*દરદીઓનું રાહતફંડ* નામના આ ટ્રસ્ટની બે સૌથી મોટી ઉપલબ્ધિ છે. એક તો એ કે પૂરાં બાવન વરસથી સતત આ પ્રવૃત્તિ ચાલી રહી છે અને બીજું એ કે એક જ વ્યક્તિ એની તમામ મહત્ત્વાકાંક્ષાઓ છોડી, યુવાનીમાં જ વ્યાવસાયિક કારકિર્દીનો અંત આણી વૃદ્ધાવસ્થાના છેડા સુધી સતત આ એક જ કાર્ય કરી રહી છે. ૩૫ વરસની ઉંમરથી આ સેવાકાર્ય શરૂ કરીને આજે ૮૮ વરસ સુધી સતત અમદાવાદમાં આવતા ગરીબ દરદીઓના સ્વજન તરીકે એમની પડખે ઊભી રહેનારી એ વ્યક્તિ છે **નગીનભાઈ શાહ.**

૮૮ વર્ષના નગીનભાઈ *ચિત્રલેખા*ને કહે છેઃ

'૧૯૬૪ની વાત છે. એ સમયે *ગુલાબભાઈ હૉસ્પિટલ* હતી. ત્યાં મારા દીકરાને દાખલ કરેલો. એના ઈલાજ માટે ઉછીના-પાછીના કરી હું થોડી રકમ લાવેલો, પણ ત્યાં દીકરાના ખાટલાની બાજુમાં જ અમારા કરતાં પણ વધારે જરૂરતમંદ સ્ત્રીને જોઈ, જે દૂરથી એના સાવ નાના બાળકને લઈ અહીં આવી હતી ને એનો ઈલાજ કરાવવા માટે ચિંતાગ્રસ્ત હતી. એના પૈસા પ્રાથમિક સારવારમાં જ પૂરા થઈ ગયેલા. મેં ઉધાર લાવેલી રકમ એને આપી દીધી. પછી હું બીજા મિત્રો પાસે પૈસા માગવા નીકળ્યો અને મિત્રોએ મદદ કરી. મારો દીકરો સાજો થયો. પેલી સ્ત્રીના દીકરાની સારવાર ખૂબ લાંબી ચાલી ને એક વાર એની સાથે જોડાયેલો એટલે પછી મેં નક્કી કર્યું કે છેક સુધી એની જવાબદારી લઈશ. અહીં-તહીંથી પૈસા માગતો ગયો. મિત્રોને સમજાવ્યું કે *સારા કામ માટે જ પૈસા માગું છું* તો *ભલે, લઈ જા લે...* ને એમ કરતાં કરતાં અનેક મિત્રો પૈસા આપવા તૈયાર થયા. પેલી સ્ત્રીનો દીકરો તો સાજો થયો એટલે એ બન્ને પાછાં ગયાં, પણ મેં જોયું કે ત્યાં તો જરૂરતમંદ દરદીઓની લાંબી હારમાળા હતી. એ જોઈ મેં નક્કી કર્યું કે આમ સધ્ધર મિત્રો પાસેથી પૈસા માગી જરૂરતમંદોને મદદ થાય છે. આપણને નિમિત્ત માત્ર બનવાનું પણ પુણ્ય મળે છે તો એ કરવું જોઈએ. બસ, પછી તો એ વિચારમાંથી જન્મ્યું *દરદીઓનું રાહતફંડ.*



*'દરદી રાહતફંડ'ની ટીમ હરહંમેશ ગરીબ દરદીઓના ખરા સ્વજન થઈને એમની પડખે ઊભી રહે છે.*

નગીનભાઈમાં જાગેલી અનુકંપા આજે પાંચ દાયકામાં તો વિસ્તરતી વિસ્તરતી, ફેલાતી ફેલાતી અમદાવાદથી બહાર નીકળી ભારતભરમાં ને છેક અમેરિકા જેવા વિદેશોમાં પણ પહોંચી છે.


આ રાહતફંડ શરૂ કરવામાં સૌથી પહેલાં નગીનભાઈને એક શિક્ષિકા સ્વર્ગીય નિરંજનાબહેન સોનીનો બહુ મોટો સહયોગ મળ્યો ને વરસો સુધી એ ટ્રસ્ટનો આધાર બની રહ્યાં હતાં. એ પછી અનેક દિલદાર-સેવાભાવી લોકોનો સંગાથ સાંપડતો રહ્યો.

આ ટ્રસ્ટ ઉપરાંત પણ જરૂરતમંદો માટે કપડાં-ચોપડાં-અન્ન વિતરણ સુધીની અનેકવિધ સેવાભાવી પ્રવૃત્તિઓ કરતા નગીનભાઈ કહે છેઃ

'અમારા નવનીતભાઈ ચોકસી, અંબુભાઈ પટેલ, ક્ષિતીશભાઈ શાહ, રમાકાંતભાઈ ભોજનગરવાલા, વગેરે ટ્રસ્ટીઓ વગર આ રાહતફંડની કલ્પના કરવી જ મુશ્કેલ છે. આ ટ્રસ્ટીમંડળ તો આ ટ્રસ્ટના જ

નહીં, મારા જીવનના પણ આધારસ્તંભ રહ્યા છે. આ ટ્રસ્ટ સાથે મને પણ એ લોકોએ જ સાચવ્યો છે ઉપરાંત નિરંજનાબહેન અને પુરણભાઈ ગણપતરાજ આ સંસ્થાના પાયામાં દટાયેલા પથ્થર જેવાં છે. અમારા *સી.એ.* નિમીષ શાહ. સંનિષ્ઠ કાર્યકરો દિલીપ પટેલ, પરિમલ શાહ, યોગેશ શાહ અને સુરેશ ગાંધી, વગેરે આજે ટ્રસ્ટનાં કાર્યોના મુખ્ય સૂત્રધાર છે.'

**પરિમલભાઈ શાહ** *ચિત્રલેખા*ને માહિતી આપતાં જણાવે છે કે ટ્રસ્ટના કાર્યકરો નિયમિત હૉસ્પિટલ્સમાં ફરીને જરૂરતમંદ, ગરીબ દરદીઓને, મોંઘા-લાંબા ઈલાજ માગી લેતા દરદીઓને તપાસતા હોય છે. ડૉક્ટર તેમ જ અન્ય હૉસ્પિટલ સ્ટાફનો બહુ સારો સહયોગ મળે છે એટલે એવા દરદી તારવી શકાય છે.



*વાડીલાલ હૉસ્પિટલ*માં દરરોજ સાંજે ટ્રસ્ટના કાર્યકર જતા હોય છે, જ્યારે અન્ય બે કૅન્સર હૉસ્પિટલમાં ને *જીવરાજ મહેતા હૉસ્પિટલ*માં મહિને એકાદ વાર કાર્યકરો ફરીને દરદીઓની મુલાકાત લે છે. આજે દર મહિને બારસોથી પંદરસો જેટલા દરદીઓને લાખો રૂપિયાની મદદ ટ્રસ્ટ તરફથી થાય છે.

પરિમલભાઈ ઉમેરે છેઃ

'અમુક ટ્રીટમેન્ટ બહુ લાંબી ચાલતી હોય છે. ખાસ કરીને ચામડીના અને માનસિક રોગથી પીડાતા કેટલાક દરદીઓને વરસો સુધી દવાઓ ચાલુ જ રાખવી પડે. અમારી પાસે પાંચ-દસ વરસથી આવતા દરદીઓના અઢળક કિસ્સા છે ને કેટલાક તો પંદર ને વીસ-વીસ વરસથી નિયમિત દવા લે છે એવા પણ કિસ્સા છે. સાવ સામાન્ય ઘરમાંથી આવતા એવા દરદીઓના એ મોંઘા ને લાંબા ઈલાજનો ખર્ચ ટ્રસ્ટ ભોગવે છે.'

ટ્રસ્ટના સેવાકાર્ય માટે *એએમએ* (અમદાવાદ મૅનેજમેન્ટ ઍસોસિયેશન) એવૉર્ડ ને *લાયન્સ ક્લબ* એવૉર્ડ જેવા અનેક એવૉર્ડથી સમ્માનિત થઈ ચૂકેલા નગીનભાઈ કહે છેઃ

'અમે પહેલાંથી મૂળ સિદ્ધાંત નક્કી કરી રાખેલો કે અડધી-અડધી મદદ ન કરવી. ઓછા દરદી પાસે જવું, પણ જે દરદીનો હાથ પકડ્યો એને બીમારીમુક્ત કરવા સુધી છોડવો નહીં. જરૂર પડે તો એને વ્યક્તિગત જીવનમાં પણ બનતી સહાય કરીએ. એના રિપોર્ટ્સ, ટેસ્ટિંગ્સ, વગેરેનો ખર્ચ તો આપીએ, પણ સારવાર પૂરી થવા સુધી એનું ધ્યાન રાખીએ. હા, કેટલાક જરૂરત વગરના દરદી ફંડનો લાભ લેવા માગતા હોય એવાને સિફતથી દૂર કરીએ તો સાથે એ પણ જોઈએ કે જે જરૂરતમંદ દરદીને મદદ કરીએ છીએ એ પણ સાવ બેફિકરા ન બની જાય. જો કે અહીં સરકારી હૉસ્પિટલમાં કેવા દરદી આવે? એ પ્રશ્નની અંદર જ ઘણા ઉત્તર આવી જાય છે.'

નગીનભાઈ શાહ

અમારો સિદ્ધાંત છે કે કોઈને અડધી-પડધી સહાય ન કરવી... દરદી બીમારમુક્ત ન થાય ત્યાં સુધી એને તબીબી સહાય કરવી પછી ભલેને ઓછા દરદી સુધી પહોંચાય!

મોટી રકમ સાથે આવું મોટું કામ પાંચ-પાંચ દાયકાથી કરતા આવે ત્યારે ઘણા કપરા સંજોગો પણ આવ્યા હોય એ વિશે નગીનભાઈ કહે છેઃ

'એક વાર હું મહાકવિ ઉમાશંકર જોશીને મળવા ગયો હતો. એમણે મારા કામ વિશે જાણી મારા ખભે હાથ મૂકી કહ્યું હતુંઃ *નગીનભાઈ, કામ તો બહુ સારું કરો છો, પણ એક સલાહ આપું એ યાદ રાખજો કે પૂજા-યજ્ઞ પત્યા પછી એનો પ્રસાદ વહેંચવાની જવાબદારી જેને સોંપવામાં આવી હોય એણે એ પ્રસાદની સુગંધ પણ ન લેવાય!* બસ, એમના આ શબ્દો આજે પણ મારા મનમાં એવા ને એવા ગુંજી રહ્યા છે. આ શબ્દો મને હંમેશાં સતર્ક રાખે છે.'

આજે મોંઘી સારવારને લીધે ગરીબ દરદીઓ માટે નાની બીમારી પણ ઘણી વાર મોટી સાબિત થઈ જાય છે એવા સમયે સંજીવની પર્વત લઈ આવવાનું કપરું કાર્ય પાર પાડતા *દરદીઓનું રાહતફંડ ટ્રસ્ટ* વિશે વધુ વિગતો માટે કે મદદ કરવા માટે સંપર્કઃ ૦૯૮૭૯૦ ૧૮૭૪૪ અને www.dardirahatfund.org

■ *તસવીરોઃ* **પ્રજ્ઞેશ વ્યાસ**